અરજી નં.૩૬૧ તા.૨૪–૨–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૨–૧–૦૯ ની અરજીથી વોર્ડ નં.૭ નોંધ નં.૧૧૨૭ વાળી જગ્યા પર થયેલા ગેરકાયદે બાંધકામની નોટિસની મુદત પૂરી થઈ ગઈ છે તો હવે પછીના કયાં પગલા ભરશો તે બાબતે મુદ્દા નં.૧ થી ૬ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૪–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૬૧/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૨–૧–૦૯ ની અરજીથી વોર્ડ નં.૭ નોંધ નં.૧૧૨૭ વાળી જગ્યા પર થયેલા ગેરકાયદે બાંધકામની નોટિસની મુદત પૂરી થઈ ગઈ છે તો હવે પછીના કયાં પગલા ભરશો તે બાબતે મુદ્દા નં.૧ થી ૬ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/૧૪૨૪ તા.૧૯–૨–૦૯ થી આપેલ માહિતી ખોટી તેમજ ગેરમાર્ગે દોરનાર હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા આર.ટી.આઈ.સેલ /૧૧૮૯ તા.૦૭/૦૩/૦૯ના રોજ શહેરી વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક માહિતી મળેલ નથી. અરજદારે અપીલ અરજી સાથે મોકલેલ વિગત અનુસાર તેમની મુળ અરજીથી માંગેલ માહિતીના મુદ્દા નં.૧ અંગે હવે પછી કયા પગલાં લેશો? તે અંગે તથા મુદ્દા નં.ર નોટીસની મુદત પુરી થયા છતાં પગલાં કેમ લેવાયેલ નથી. તે અંગે રેકર્ડ પર ન હોઈ કંઈ જણાવવાનું રહેતું નથી તેવી માહિતી આપેલ છે. જયારે મુદ્દા નં.૩ થી ૬ ની માહિતી દફતર મુજબ પુરી પાડેલ છે. જે પૈકી મુદ્દા નં.૧ કેવા પગલાં લેશો તે બાબત કાયદા નિયમની જોગવાઈ સાથે કામના નિકાલના ધોરણ હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતીમાં નીતિના ભાગ રૂપે આવે પરંતુ વ્યકિતગત કેસની માહિતી ફાઈલ પર ઉપલબ્ધ માહિતીની મર્યાદામાં આપવી રહે. જે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે કે રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. કાર્યવાહી કેમ કરવામાં આવી નથી તે મુદ્દાની વિગતો કાણસર દફતરે હોય અને તે પુરી પાડવાની રહે જે અંગે પણ જાહેર માહિતી અધિકારી ધ્વારા રેકર્ડ ઉપર નહીં હોવાનું જણાવેલ છે.

અરજદારની તા.૨૨–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી મુદ્દા નં.૧ થી ૬ ની જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી પુરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં ગોળ ગોળ જવાબ અને ગેરમાર્ગે દોરવાની કોશિશ કરી છે તેવી રજુઆત કરવામાં આવેલ છે. અપીલની અંદર કોઈ આધાર પુરાવા કે વાજબીપણું રજુ કરેલ નથી. આરટીઆઈ કાયદાની કલમ ૨(એફ) અને ૨(જે) મુજબ જાહેર માહિતી અધિકારની વ્યાખ્યા અનુસાર જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પુરી પાડવાનો સમાવેશ થાય છે. પરંતુ કાયદા ધ્વારા પારદર્શિતા સાથે સુમાહિતગાર નાગરીકોના ઉદ્દેશને ચરિતાર્થ કરવા પણ ભાર મુકાયેલ છે.

## ***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા. ૨૨–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૭ નોંધ નં.૧૧૨૭ ની માંગવામાં આવેલી માહિતી મુદ્દા નં.૧ થી ૬ પૈકી મુદ્દા નં.૧ અને ૨ પુરતું લાગત ફાઈલનું ઈન્સ્પેકશન પુરું પાડી તેટલા પૂરતી કોઈ નકલ અરજદાર ધ્વારા માંગણી થાય તો તે કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પુરી પાડવા શહેરી વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***
(૧) શહેરી વિકાસ અધિકારી જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ,